# દૃષ્ટાંતકથાઓ | વિષ્ણુ પાઠક

**[‘દૃષ્ટાંતકથાઓ :** રમણ મહર્ષિ, ભાવાનુવાદ-સંકલન : મહેશ દવે, ઇમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., અમદાવાદ, પ્ર.આ. ડિસેમ્બર ૨૦૦૩, પૃ. ૮૧, કિં. રૂ. ૪૦/-]

સુંદર ભગવા રંગનું આવરણ અને એના ઝરૂખામાંથી ડોકાતો રમણ મહર્ષિનો સ્મિતસોહ્યો, નિર્દોષ ને અનાસક્ત ચહેરો, દૃષ્ટાંતકથાઓના પ્રકાશમય, આનંદમય જ્ઞાન-વિશ્વમાં પ્રવેશવાનું જાણે કે આમંત્રણ ન આપતા હોય એવું એમની દૃષ્ટાંતકથાઓની પુસ્તિકા પર દૃષ્ટિ પડતાં જ લાગે !

‘‘વેદો ઈશ્વરની વાણી છે, એવું તે કંઈ હોય ?’’ કોઈ ભક્તની આવી શંકાના સમાધાન માટે મહર્ષિ આનો શબ્દાર્થ ન લેતાં એનો મર્મ સમજાવવા પોતે જ કરેલા શંકરાચાર્યના ‘આત્મબોધ’ના અનુવાદનું તથા જયદેવે રચેલા ભાગવતનું પ્રમાણ આપે છે. પોતે અનુવાદ કરતા હતા ત્યારે ‘આત્મબોધ’ના શ્લોકોનો તમિળ અનુવાદ તેમને દેખાતો ને પોતે લખી લેતા ! ભગવાન વિષ્ણુએ જ જયદેવના હાથે ભાગવત લખાવેલું. ‘ઈશ્વર પ્રગટ કરે છે વાણી.’ આ બ્રહ્મવાણી સ્વયંપ્રકાશિત છે.

અપૌરુષેય વેદોનું ઋચાઓમાં નિહિત તત્ત્વજ્ઞાન-દર્શન, રમણ મહર્ષિની સહજ, સરળ, હૃદયસ્પર્શી દૃષ્ટાંતકથાઓ, આત્મબોધ-દૃષ્ટાંતકથાઓમાં અવતર્યું છે. આ જ્ઞાન નિર્દોષ, નિર્મળ અને નિર્બીજ છે, કારણ કે એમાં જરા સરખીય વ્યક્તિત્વના સ્પર્શની ગંધ નથી. મહર્ષિ તો જીવતા વેદરૂપ હતા. વેદોનો મર્મ તો જ્ઞાનીના હૃદયમાં હોય, નહિ કે એના શબ્દોમાં. આવી જ્ઞાનસભર, આનંદસભર કથાઓ વ્યક્તિને ખરેખર નિર્બીજ કરે છે. મને તો લાગે છે વેદની ઋચાઓને પણ શ્રી રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ કે ઓશોની દૃષ્ટાંતકથાઓમાં વહેવાનું ગમે ને એમાં પોતાનુંય ગૌરવ જળવાય.

આ દૃષ્ટાંતકથાઓ ઉપનિષદનું અમૃત છે જેની મહર્ષિ પ્રગટ પરમમૂર્તિ છે. તેઓ તિરુવણ્ણમલૈ-રમણાશ્રમમાં જ રહેતા ને જે ભાવિક ભક્ત ત્યાં જાય તેમને મોટે ભાગે મૌનથી બોધ આપતા.

એક ભાવિકે મહર્ષિને સલાહ આપી કે પહેલાંના જમાનામાં મુનિઓ યાત્રા કરતા ને વ્યાખ્યાનો દ્વારા લોકોને બોધ આપતા. આપ પણ બહાર ફરીને બોધ આપો તો ઘણા લોકોનું કલ્યાણ થાય. ‘શિષ્યસ્તુ મૌનમ્ વ્યાખ્યાનમ્’ની રસમય કથા દ્વારા મહર્ષિ સમજાવે છે કે શાન્તિથી એક જગાએ બેસી મૌન દ્વારા પણ બોધ આપી શકાય. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે સાધુ, સંન્યાસીઓ, જ્ઞાનીઓ ગંભીર, ભારેખમ મુખમુદ્રાવાળા, જરા શુષ્ક ને રૂક્ષ હોય છે. તેઓ તો હસેય નહિ. પણ ‘લસણના ગુણ-અવગુણ’ અને ‘ખોવાયેલો દસમો સાથી’ – આ બે દૃષ્ટાંતકથાઓમાં મહર્ષિ આપણી માન્યતાને રદિયો આપે છે. આ બે કથાઓમાં જ્ઞાનીની મરમી હાસ્યરસવૃત્તિનું દર્શન થાય છે.

‘‘લે વાંચ, નગમ્મા, આમાં લસણના ગુણ-અવગુણ વર્ણવ્યા છે;’’ આમ કહી હસતાં હસતાં મહર્ષિએ ‘ગૃહલક્ષ્મી’નો અંક તેને વાંચવા આપ્યો. પછી લસણને અમૃતફળ શા માટે કહે છે એ માટે સમુદ્રમંથનની વાત કરી. મોહિની સ્વરૂપે ભગવાન અમૃત વહેંચતા હતા ત્યારે એક અસુર અમૃત પી ગયો. એને ગળે અમૃત ઊતરે એ પહેલાં જ એનું મસ્તક કપાયું ને અમૃતનાં ટીંપાં ભોંય પર પડ્યાં. એમાંથી લસણનો છોડ થયો. અસુરનો સ્પર્શ થયો હોવાથી લસણમાં તામસી ગુણ પેસી ગયા, એટલે સંસારીઓ માટે તો સારું પણ સાધકો માટે નુકસાનકારક એમ સમજાવે છે.

દસ મૂર્ખાઓની ભારે રમૂજીકથા છે. કાખમાં છોકરું ને મા શોધાશોધ કરી દુઃખી થાય. ગળામાં હાર પહેર્યો હોય ને સ્ત્રી ખોવાયેલો માની રડારોળ કરે. તેવી જ રીતે દસ જણા માને છે કે નદી પાર કરતાં એમનામાંથી એક ડૂબી ગયો, ખોવાઈ ગયો. પોતાને ગણવાનું ભૂલી જઈ અન્ય નવને ગણી દુઃખી થાય છે. એમના દુઃખનું કારણ છે એમનું અજ્ઞાન-ભ્રમ. આપણે પણ આમ જ આપણે ‘આત્મા’ હોવા છતાં, એની શોધ કરીએ છીએ. આપણે ખોવાયા નથી, માત્ર આપણું સ્વરૂપઅજ્ઞાન જ આપણા દુઃખનું કારણ છે.

‘‘પલાંઠી વાળીને બેસો. મહર્ષિની સામે લાંબા પગ કરીને ન બેસાય. વિવેક જાળવો.’’ કોઈ ભાવિકે એક અમેરિકન મહિલાને કીધું, ત્યારે મહર્ષિએ આવા આગ્રહની ના કહીને પોતે પણ સંધિવાનો દુઃખાવો હોવા છતાં, પરાણે પલાંઠી વાળી બેઠા. તેઓ પણ પગ લાંબા કરીને બેઠા હતાને !

ભક્ત આભો બની ગયો. મહર્ષિ (અરુણાચલ શિવ) કહે છે : ‘‘આવી જ ઘટના પાર્વતીએ કૈલાસમાં એક વૃદ્ધાને શિવજી સામે પલાંઠી વાળીને બેસવા આજ્ઞા કરી ત્યારે બનેલી. વૃદ્ધાના જે દિશામાં પગ ફેરવે ત્યાં શિવજી ! પાર્વતી ભોંઠા પડી ગયાં. ‘સ્વામી તો સર્વત્ર છે’ ને ?’’ ભક્તનો ભાવ જુએ છે ભગવાન. એની પ્રીતિ-ભક્તિથી ભગવાન રીઝે છે. ભક્તિ તો ભીતરની વસ્તુ છે; બહારનો દેખાવ કે આડંબર નથી.

શ્રીકૃષ્ણના દાખલાથી સમજાવે છે કે જીવનમુક્તના બહારના વર્તનથી તેનું માપ ન કાઢી શકાય. જીવનમુક્ત જગતમાં છે, છતાં પણ જગતનો નથી. તે આત્મામાં જ રમણ કરે છે. જળકમળવત્ રહી તે લોકકલ્યાણ માટે જીવે છે. તે ભેદાભેદથી પર છે. તે અન્યના ભલા માટે જીવે છે. મૌન તેની વાણી છે. મૌન એ એક અપ્રાકૃત, અલૌકિક અવિરત વહેતી ધારા છે કરુણાની, જે સકળ બ્રહ્માંડનું કલ્યાણ કરે છે. એક માત્ર ચેતના, આત્મા ‘હું’ એ જ સત્ય છે ને ‘હું ને તું’ના ભેદ ખોટા છે. આવું ગહન સત્ય સમજાવતી ગુરુ રીભુ અને શિષ્ય નિદાઘની સુંદર ને રસપ્રદ કથા છે. જાદુ, સિદ્ધિ, ચમત્કારો દેખાડો કરવાની ચીજ નથી. તે જ રીતે ધર્મવૃત્તિ અને ભક્તિનું પણ જાહેર પ્રદર્શન ન શોભે. આત્મસાક્ષાત્કાર પછી પણ સિદ્ધિઓ મેળવી શકાય અને અન્યના લાભ માટે ઉપયોગ પણ કરી શકાય. આ માટે જિજ્ઞાસુઓને મહર્ષિ તેમના પ્રિય ગ્રંથ યોગવાસિષ્ઠમાંથી રાજા શિખિધ્વજ અને રાણી ચૂડાલાનું સુંદર દૃષ્ટાંત સંભળાવે છે. કઠોર તપ વિના આત્મસાક્ષાત્કાર ન થઈ શકે. આવું દૃઢપણે માનનાર રાજા શિખિધ્વજ રાજ છોડી જંગલમાં તપ કરવા ચાલ્યો જાય છે. આવી કર્મની જડતામાં ફસાયેલા રાજાને ચૂડાલા યોગસિદ્ધિનો ઉપયોગ કરી આત્મસાક્ષાત્કાર કરાવે છે ને રાજા ફરી રાજ્યની ધુરા સંભાળે છે.

મહર્ષિની દૃષ્ટાંતકથા ઓછામાં ઓછા શબ્દોમાં તરણા ઓથે છુપાયેલા ડુંગર (પરમસત્)નું દર્શન કરાવે છે. વાણીથી પર, મનથી અગોચર એવું જ્ઞાન અપૌરુષેય છે; પણ ‘એ’ પરમ કરુણામય એવા ઋષિની વાણીમાં છલકાતું જોવા મળે છે. સાધકો ને મુમુક્ષુઓ આવી નિર્દોષ અમૃતવાણીને સાંભળવા સદા આતુર ને ઉત્સુક હોય છે. આવી ચેતનવંતી વાણીમાં દૃષ્ટાંતનું કલેવર કરી ઈશ્વર જ પરમસત્યરૂપે પ્રગટ થતા હોય છે. શ્રી મહેશભાઈ દવે ધન્ય

છે, જેમણે આ દૃષ્ટાંતકથાઓનો આનંદ અનુભવ્યો છે; અને આપણા સૌ માટે એ આનંદ, દૃષ્ટાંતકથાઓનો ભાવાનુવાદ અને સુંદર સુરુચિપૂર્ણ ને કલાત્મક સંકલન ગુજરાતીમાં પુસ્તિકારૂપે આપણને મહાપ્રસાદરૂપે વહેંચે છે. એમની જ્ઞાનપિપાસા ને જ્ઞાની પ્રત્યેની જ્ઞાન-શ્રદ્ધા-પ્રેમભક્તિને સલામ.

આવા સત્ત્વશીલ, આનંદપ્રદ સાહિત્યની ખૂબ જરૂર છે, સર્વત્ર વ્યાપક પ્રદૂષણયુક્ત આબોહવામાં જીવવાનું છે ત્યારે. ઘરમાં વસાવી, રોજ વાંચી માણવાનું નાનું નમણું પુસ્તક. આ કથાઓ નિરામયતા માટે મીઠું ઔષધ છે. આનંદ ને સુંદરતાનું વૃંદાવન છે. ગમે તે પાનું વાંચો, સત્યનું અનાવરણ કરતી – લક્ષ્યવેધી બાણ જેવી – દૃષ્ટાંતકથા નજરે પડશે.

આવી દૃષ્ટાંતકથાઓ માનવકુળની મઝિયારી મિલકત છે. આવી દૃષ્ટાંતકથાઓની પરંપરાએ ભારતીય સમાજમાં નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોને ટકાવી રાખ્યાં છે. આ રસાસ્વાદ તો એ કથાઓરૂપી ગંગામાંથી એક આચમન માત્ર છે. એમનું રસપાન કરવા તો એમાં અવગાહન કરવું પડેને ?